

# સેટ મેક્સની શાન અને મીમ્સની જાનઃ 'સૂર્યવંશમ'

મુવિયાના

હિન્દી સિનેમાના ઈતિહાસમાં અમુક ફિલ્મો બોક્સ ઓફિસ પર ભલે ન ચાલે, પણ લોકોના ડ્રોઈંગ રૂમમાં ઈતિહાસ રચી દે છે. આવી જ એક ફિલ્મ એટલે 'સૂર્યવંશમ'. રવિવારની બપોર હોય અને સેટ મેક્સ પર ભાનુપ્રતાપ સિંહની ગર્જના ન સંભળાય એવું તો કેમ બને?

બોલિવૂડના શહેનશાહ અમિતાભ બચ્ચનની ફિલ્મી કરિયરની વાત નીકળે ત્યારે 'શોલે', 'દીવાર' કે 'ઝંજીર' જેવી ફિલ્મોના નામ પહેલા આવે, પરંતુ જો સોશિયલ મીડિયા અને ટીવી જગતની વાત કરીએ તો એક જ નામ ગુંજે છે - 'સૂર્યવંશમ'. ઝેરવાળી ખીર હોય કે હીરા ઠાકુરની બસ ચલાવીને કરોડપતિ અને પત્નીને કલેક્ટર બનાવવાની સ્ટોરી, આ ફિલ્મ ઘરે-ઘરે જાણીતી છે. આજની તારીખે જ એટલે કે 21 મે 1999ના રોજ રિલીઝ થયેલી આ ફિલ્મ વિશે એવી ઘણી વાતો છે જે કદાચ ફેન્સ પણ નહીં જાણતા હોય.

ચાલો જાણીએ આ ફિલ્મ સાથે જોડાયેલા કેટલાક 'મસાલેદાર' અને અજાણ્યા ફેક્ટ્સઃ લોકો ઘણીવાર મજાક કરે છે કે સોની મેક્સ ચેનલ એટલે 'સૂર્યવંશમ'ની ચેનલ. તેનું કારણ એ છે કે ચેનલ શરૂ થઈ તેના થોડા સમય પહેલા જ આ ફિલ્મના રાઈટ્સ 100 વર્ષ માટે ખરીદી લેવામાં આવ્યા હતા. આ જ કારણ છે કે તે વારંવાર પ્રસારિત થાય છે.


જે ફિલ્મ આજે ટીવી પર આટલી લોકપ્રિય છે, તે થિયેટરોમાં ખાસ કમાલ કરી શકી નહોતી. 7 કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે ભારતમાં માત્ર 7 કરોડની જ કમાણી કરી હતી. જોકે, વર્લ્ડવાઈડ તેનું કલેક્શન 13 કરોડ સુધી પહોંચ્યું હતું.

ફિલ્મના ડાયરેક્ટ ઈ.વી.વી. સત્યનારાયણ આ ફિલ્મની સ્ક્રિપ્ટ લગભગ તે સમયના મોટા સ્ટાર્સ સંભળાવી હતી પણ બધા સ્ટારે ફિલ્મ કરવાનો ઈનકાર જ કર્યો હતો. હીરા ઠાકુરના રોલ માટે ગોવિંદા, મિથુન ચક્રવર્તી, સન્ની દેઓલ, સલમાન ખાન, શાહરૂખ ખાન અને અક્ષય કુમારને ઓફર કરવામાં આવી હતી, પણ બિઝી સ્કેડ્યુલને કારણે બધાએ ના પાડી. કદાચ તમને આંચકો લાગશે, પણ હીરાના રોલ માટે સૌથી પહેલી પસંદ હૃતિક રોશન હતો! જો હૃતિકે હા પાડી હોત તો 'કહો ના પ્યાર હૈ'ને બદલે 'સૂર્યવંશમ' હૃતિક ડેબ્યુ ફિલ્મ હોત. જોકે, ત્યારે હૃતિક તૈયાર નહોતો અને અંતે આ રોલ અમિતાભને મળ્યો. જે આજે એક 'કલ્ટ' કેરેક્ટર બની ગયું છે. ફિલ્મમાં હીરા ઠાકુરની પત્ની 'રાધા'ના કેરેક્ટર અદા કરનાર એક્ટ્રેસ સૌંદર્યાની પણ આ એકમાત્ર હિન્દી ફિલ્મ હતી. કમનસીબે, વર્ષ 2004માં એક પ્લેન ક્રેશમાં તેમનું અવસાન થયું હતું, જેના કારણે બોલિવૂડને એક ઉભરતી સ્ટાર ગુમાવવી પડી હતી.

શું તમે જાણો છો કે ફિલ્મમાં ભલે રેખા દેખાતી નથી, પણ તેનો અવાજ સંભળાય છે? ફિલ્મમાં હીરા ઠાકુરની માતા (જયા સુધા) અને પત્ની (સૌંદર્યા) આ બંને પાત્રો માટે ડબિંગ એક્ટ્રેસ રેખાએ કર્યું હતું.

સૂર્યવંશમ મૂળ 1997ની તમિલ ફિલ્મની રીમેક હતી. આ સ્ટોરી એટલી ફેમસ થઈ હતી કે તેને તેલુગુ, કન્નડ અને ભોજપુરી ભાષામાં પણ બનાવવામાં આવી હતી.

શરૂઆતમાં મેકર્સ એવું ઈચ્છતા હતા કે પિતા-પુત્ર (ભાનુપ્રતાપ અને હીરા ઠાકુર) ના રોલ માટે રિયલ લાઈફમાં અમિતાભ અને અભિષેક બચ્ચનને લેવામાં આવે. પરંતુ પાછળથી આ નિર્ણય બદલાયો અને અમિતાભે પોતે જ ડબલ રોલ ભજવ્યો.




**જે ફિલ્મ આજે ટીવી પર આટલી લોકપ્રિય છે, તે થિયેટરોમાં ખાસ કમાલ કરી શકી નહોતી. 7 કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે ભારતમાં માત્ર 7 કરોડની જ કમાણી કરી હતી**

ફિલ્મમાં લીડ એક્ટ્રેસ તરીકે સૌંદર્યા પહેલા પૂજા બત્રાનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પરંતુ તે સમયે તે અનિલ કપૂરની ફિલ્મ 'વિરાસત'માં બિઝી હોવાથી તેણે આ રોલ માટે ઈનકાર કર્યો હતો.

ફિલ્મમાં રાજેશ ખટ્ટર અને નીલિમા અઝીમે પતિ-પત્નીનું પાત્ર ભજવ્યું હતું. તે સમયે તેઓ વાસ્તવિક જીવનમાં પણ પતિ-પત્ની હતા. ક્રિટિક્સ માને છે કે ફિલ્મનું પ્રમોશન બરાબર થયું નહોતું. વળી, તે સમયે અમિતાભ બચ્ચનની ઉંમર 57 વર્ષ હતી, જ્યારે સૌંદર્યાની ઉંમર માત્ર 27 વર્ષ હતી. આ જંગી ઉંમરના તફાવતને કારણે તે સમયે પ્રેક્ષકોને આ જોડી પડદા પર ખાસ જામી નહોતી અને ફિલ્મ ફ્લોપ થઈ. ભલે થિયેટરોમાં સૂર્યવંશમ ન ચાલી હોય, પણ આજે તે ભારતીય ટેલિવિઝન ઈતિહાસની સૌથી મોટી 'કલ્ટ' ફિલ્મ બની ગઈ છે. હીરા ઠાકુરની બસથી લઈને ઠાકુર ભાનુપ્રતાપના આદર્શો સુધી, આ ફિલ્મની દરેક વાત આજે પણ સોશિયલ મીડિયા પર મીમ્સ અને ચર્ચાઓમાં જીવંત છે ●

# સ્ક્રીન પર એક્શન અને પડદા પાછળ જીવલેણ જોખમઃ જાણો 'ધુરંધર 2'



આદિત્ય ધરના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મે માત્ર બોક્સ ઓફિસ પર જ નહીં, પણ દર્શકોના દિલમાં પણ એક ખાસ જગ્યા બનાવી લીધી છે. ૨૦૨૬ની આ સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મ વિશે એવી ઘણી વાતો છે જે કદાચ તમે હજી સુધી જાણતા નહીં હોવ. 'ધુરંધર 2' ઈન્ડિયન સ્પાઈ ઈતિહાસ અને વાસ્તવિક ઘટનાઓ પર આધારિત એક ફિલ્મ છે.

શું તમે જાણો છો કે જે એક્શન સ્ક્રીન પર દેખાય છે, તેની પાછળ કેટલાય જીવલેણ જોખમો અને અકલ્પનીય મહેનત છુપાયેલી છે?

ખૂબ જ ઓછા લોકો જાણે છે કે 'ધુરંધર' અને 'ધુરંધર 2' નું શૂટિંગ અલગ-અલગ નથી કરવામાં આવ્યું. દિગ્દર્શક આદિત્ય ધરે આખી સ્ટોરીને એક સાથે જ શૂટ કરી હતી. જુલાઈ ૨૦૨૪ થી ઓક્ટોબર ૨૦૨૫ સુધી ચાલેલા આ મેરેથોન શૂટિંગમાં થાઈલેન્ડ, લદ્દાખ, મહારાષ્ટ્ર અને પંજાબ જેવા લોકેશન્સનો ઉપયોગ કરાયો હતો.

ફિલ્મમાં કરાચી અને લ્યારી (Lyari) ના જે દ્રશ્યો બતાવવામાં આવ્યા છે, તેના માટે પ્રોડક્શન ટીમે ખૂબ મહેનત કરી છે. સુરક્ષાના કારણોસર પાકિસ્તાનમાં શૂટિંગ શક્ય ન હોવાથી, પંજાબના કેટલાક વિસ્તારો અને થાઈલેન્ડના અમુક લોકેશનને આબેહૂબ કરાચીના રસ્તાઓ જેવો લુક આપવામાં આવ્યો હતો.

પરદે કે પીછે

રણવીર સિંહનો જોખમી એક્શન સીનઃ લદ્દાખના માઈનસ ડિગ્રી તાપમાનમાં તેણે એક ચેઝ સિક્વન્સ જાતે જ શૂટ કર્યો હતો. ઓક્સિજનની કમી હોવા છતાં રણવીરે બોડી ડબલનો ઉપયોગ કરવાની મનાઈ કરી દીધી હતી. ઊતરતી વખતે રણવીરનો પગ લપસ્યો હતો. સદનસીબે તે સેફ્ટી હાર્નેસથી બંધાયેલો હતો, પરંતુ તે હવામાં લગભગ ૨૦ મિનિટ સુધી લટકતો રહ્યો હતો જ્યાં સુધી રેસ્ક્યુ ટીમ પહોંચી નહીં. આ ઘટના પછી આખી ટીમ હેબતાઈ ગઈ હતી, પરંતુ રણવીરે માત્ર ૩૦ મિનિટનો બ્રેક લઈને ફરીથી શૂટિંગ શરૂ કરી બધાને આશ્ચર્યમાં મૂકી દીધા હતા.

વ્યક્તિગત નુકસાન અને પ્રોફેશનલિઝમઃ સંજય દત્તે તેમના પાત્ર માટે ખાસ 'ક્રાઈમ બ્રાન્ચ'ની સ્ટાઈલ અને બોલી શીખવા માટે મહિનાઓ સુધી પ્રેક્ટિસ કરી હતી. ફિલ્મમાં અક્ષય ખન્નાના પાત્ર વિશે સૌથી ઓછી ચર્ચા થઈ હતી, પણ તે ઈનસાઈડ ફેક્ટ છે કે તેના મોટાભાગના સીન કોઈ પણ ડાયલોગ વગરના છે. આદિત્ય ઈચ્છતા હતા કે અક્ષય માત્ર તેની આંખોથી ડર પેદા કરે. શૂટિંગ દરમિયાન અક્ષય સેટ પર કોઈની પણ સાથે વાત નહોતો કરતો જેથી તે પોતાના ગંભીર પાત્રમાં રહી શકે.

**ખૂબ જ ઓછા લોકો જાણે છે કે 'ધુરંધર' અને 'ધુરંધર 2' નું શૂટિંગ અલગ-અલગ નથી કરવામાં આવ્યું. દિગ્દર્શક આદિત્ય ધરે આખી સ્ટોરીને એક સાથે જ શૂટ કરી હતી**

આજના યુગમાં બધું CGI થી થાય છે, પરંતુ આદિત્યએ આગ્રહ રાખ્યો હતો કે ૭૦% એક્શન રિયલ હોવી જોઈએ. ફિલ્મમાં જે હેલિકોપ્ટર ક્રેશ બતાવવામાં આવ્યું છે, તે માટે ખરેખર એક જૂના હેલિકોપ્ટરના મોડેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હોલીવુડના એક્શન ડાયરેક્ટરે આ ફિલ્મ માટે ખાસ 'ગોરિલા વોરફેર' ટેકનિકનો ઉપયોગ કર્યો છે, જે અગાઉ કોઈ બોલિવૂડ ફિલ્મમાં જોવા મળી નથી.

ફિલ્મનું ટાઈટલ 'ધ રિવેન્જ' માત્ર આતંકીઓ સામેનો બદલો નથી, પરંતુ તે સિસ્ટમ સામેનો એક જંગ છે. નિર્માતાઓનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીને એ જણાવવાનો હતો કે ભારતની સુરક્ષા માટે કેટલાય જવાનો પોતાની ઓળખ છુપાવીને વિદેશી ધરતી પર જીવે છે અને ત્યાં જ શહીદ થઈ જાય છે. આ ભાવનાત્મક પાસાએ જ ફિલ્મને માત્ર એક્શન મૂવી મટીને એક 'ઈમોશનલ ડ્રામા' બનાવી દીધી છે.

દુશ્મનના ઘરમાં ઘૂસીને શિકાર કરવાની વાત હોય કે બોક્સ ઓફિસ પર ૧૮૦૦ કરોડનો આંકડો પાર કરવાનો આત્મવિશ્વાસ, આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર-2' એ વર્ષ ૨૦૨૬માં સિનેમાની વ્યાખ્યા બદલી નાખી છે. ●

# બિંદુઃ બોલિવુડની 'મોના' ડાર્લિંગ

70 અને 80ના દાયકામાં ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સુવર્ણ યુગમાં જ્યારે પણ એક મજબૂત સ્ત્રી વિલન અથવા આકર્ષક કેબરે ડાન્સરનો ઉલ્લેખ થાય, ત્યારે જે ચહેરો સૌની આંખ સામે તરવરી ઊઠે તે છે બિંદુ. બિંદુ માત્ર એક અભિનેત્રી નહીં, પણ એક 'સ્ટાઈલ આઈકોન' અને 'પાવરહાઉસ પરફોર્મર' તરીકે ઉભરી આવ્યા હતા. એક તરફ જ્યારે હિરોઈનો લાજ-શરમમાં વીંટળાયેલી રહેતી, ત્યારે બિંદુએ પોતાની બોલ્ડ એક્ટિંગ અને શાનદાર ડાન્સ સ્ટેપ્સ દ્વારા પડદા પર સ્ત્રી પાત્રોની એક નવી પરિભાષા લખી. તેમની સફર મુંબઈના ગ્લેમર વર્લ્ડ સુધી પહોંચી, 'કટી પતંગ'ની શબનમ હોય કે 'ઝંજીર'ની મોના ડાર્લિંગ, બિંદુએ નકારાત્મક ભૂમિકાઓમાં પણ જે ગરિમા અને નજાકત ઉમેરી, તેણે તેમને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઈતિહાસમાં અમર બનાવી દીધા. આજે પણ તેમના હિટ આઈટમ સોંગ્સ પર આખી દુનિયા ઝૂમી ઉઠે છે.

ઓલ્ડ સ્પાઇસ

અભિનેત્રી બિંદુએ પહેલી ફિલ્મ 'અનપઢ' (૧૯૬૨) પછી છેક 'દો રાસ્તે' (૧૯૬૯) થી પુનરાગમન કર્યું એની પાછળની કહાની રસપ્રદ છે.

બિંદુને પહેલી ફિલ્મથી જે ઓળખ મળવી જોઈએ એ મળી નહીં. ફિલ્મ રજૂ થયા પછી લોકોને ખ્યાલ ના આવ્યો કે બિંદુ નામની કોઈ નવી છોકરી આવી છે. બિંદુને કોઈ ફિલ્મના મળી એ દરમ્યાનમાં ચંપકલાલ ઝવેરીની બહેન સાથે મિત્રતા હોવાથી એમની સાથે મુલાકાત થઈ અને પ્રેમ થતાં ૧૯૬૪ માં લગ્ન કરી લીધા. પહેલાં એણે હીરોઈન બનવાનું વિચાર્યું હતું. પણ કામ મળવાનું મુશ્કેલ હતું. કેમકે લોકો એવું માનતા હતા કે એ પાતળી અને લાંબી છે. ગુજરાતી ભાષી છે એટલે હિન્દી બોલવા અંગે શંકા વ્યક્ત થતી હતી.

એક દિવસ લક્ષ્મીકાંત બિંદુના ઘરે જમવા આવવાના હતા પણ રાજ ખોસલાની ફિલ્મ 'અનિતા' (૧૯૬૭) ના સંગીતમાં એટલા વ્યસ્ત રહ્યા કે બહુ મોડું થઈ ગયું. સ્ટુડિયો નજીક હતો એટલે બિંદુ પતિ સાથે એમને બોલાવવા ગઈ. ત્યારે એમણે કહ્યું કે કામ પૂરું જ થવા આવ્યું છે. તેઓ આવી રહ્યા છે. ત્યાં રાજ ખોસલા હાજર હતા એટલે લક્ષ્મીકાંતે બિંદુ પોતાની સાળી હોવાનો પરિચય આપ્યો. થોડી વાર પછી રાજે પૂછ્યું કે તું ફિલ્મોમાં કામ કરવાનું પસંદ કરશે? બિંદુ અભિનય કરવાની વાત પોતાના દિમાગમાંથી કાઢી ચૂકી હતી પણ કંઈક વિચારીને તરત જ હા પાડી દીધી. રાજે ફિલ્મ 'દો રાસ્તે' ની વેમ્પની ભૂમિકા ઓફર કરી ત્યારે બિંદુ વિચારમાં પડી ગઈ. એને નકારાત્મક ભૂમિકા કરવા બાબતે મૂંઝવણ ઊભી થઈ એટલે રાજે પંદર દિવસમાં જવાબ આપવાનું કહ્યું. બિંદુએ પછીથી પતિને, લક્ષ્મીકાંતને અને બીજા ઘણાને પૂછ્યું કે અભિનયમાં નકારાત્મક ભૂમિકાનો આ નવો રસ્તો પસંદ કરવો કે નહીં.

મોટાભાગનાએ હકારાત્મક પ્રતિભાવ ના આપ્યો. પણ બિંદુને થયું કે લોકો કહેતા હતા કે ગુજરાતી છે અને આવી છે તેવી છે ત્યારે આ એક તક છે જેનાથી લોકોને બતાવી શકું છું કે કંઈક કરી શકું છું. બિંદુએ રાજને હા પાડી દીધી અને એમણે સ્ક્રીનટેસ્ટ લઈ એને પસંદ કરી લીધી. બિંદુએ પડકાર ઝીલીને એ નકારાત્મક ભૂમિકાને એવી ભજવી કે અભિનયમાં નામ થઈ ગયું અને બધાને ખબર પડી ગઈ કે બિંદુ નામની એક અભિનેત્રી આવી છે. બિંદુની અભિનય કારકિર્દીમાં પહેલી જ ફિલ્મ 'દો રાસ્તે' થી વેમ્પનો એવો સ્ટેમ્પ લાગ્યો કે તેની યુવાની ખલનાયિકાની ભૂમિકાઓમાં જ પૂરી થઈ. હીરોઈન બનવાની ઈચ્છા મનમાં જ રહી ગઈ. જો કે, બિંદુએ ભલે હીરોઈન તરીકે તક ના મેળવી પણ હીરોઈનની બરાબરીની ખલનાયિકાની ભૂમિકાઓથી બોલીવુડમાં પોતાનું સ્થાન ચોક્કસ બનાવ્યું. 'મોના ડાર્લિંગ' તરીકે એટલી લોકપ્રિયતા મળી કે હીરોઈનોથી ય વધારે મહત્ત્વ મળ્યું. જાવેદ અખ્તરે એક વખત બિંદુને કહ્યું હતું કે તમારા જેવી અભિનેત્રી કોઈ નહીં હોય. અમે જ્યારે વાર્તા વિચારીએ છીએ ત્યારે તમારા વિશે વિચાર કરીને પહેલાં તમારું નામ લખી દઈએ છીએ. તમારા પાત્રનું નામ પછીથી નક્કી કરીએ છીએ. એ કારણે બિંદુને દરેક ફિલ્મમાં મજબૂત ભૂમિકાઓ મળી. નિર્દેશક રાજે જ્યારે 'દો રાસ્તે' માટે ઓફર આપી ત્યારે હીરોઇનની ભૂમિકા હશે એમ સમજીને પહેલાં તો બિંદુ ખુશ થઇ ગઇ હતી. રાજે કહ્યું કે હીરોઇન તરીકે મુમતાઝ પસંદ થઇ ચૂકી છે અને વેમ્પ તરીકે તેને ઓફર કરવામાં આવી છે. તેમણે ખાતરી આપી કે એ ભૂમિકા દમદાર છે. ત્યારે બિંદુ ખચકાઇ કે પહેલી જ ફિલ્મમાં રાજ તેને વેમ્પ બનાવી રહ્યા છે.

બિંદુએ આશા પારેખના સંવાદ બોલીને એ ભૂમિકા મેળવી હતી. બિંદુને ટેસ્ટ માટે બોલાવી ત્યારે રાજ આશા પારેખ અને સુનીલ દત્ત સાથે કોઇ ફિલ્મનું શુટિંગ કરી રહ્યા હતા. તેમણે આશાના જ કેટલાક સંવાદ બોલવા આપી દીધા. તેનું રિહર્સલ કર્યા પછી બિંદુનો પહેલા જ ટેકમાં શોટ ઓકે થઇ ગયો. અને પાસ થઇ ગઇ. અસલમાં 'નીલામ્બરી' નામના એક પુસ્તક પરથી રાજ ખોસલા 'દો રાસ્તે' બનાવી રહ્યા હતા. એમાં બિંદુની ભૂમિકા 'નીલામ્બરી' ની જ હોવાથી મહત્ત્વની હતી. આમ તો ફિલ્મનું નામ 'નીલામ્બરી' રાખવામાં આવનાર હતું. પરંતુ એ નામ પૌરાણિક લાગતું હોવાથી બદલવામાં આવ્યું હતું. શરૂઆતમાં 'દો રાસ્તે' ને બહુ પસંદ કરવામાં આવી ન હતી. માઉથ પબ્લિસિટીથી ધીમે ધીમે

**બિંદુએ ભલે હીરોઇન તરીકે તક ના મેળવી પણ હીરોઇનની બરાબરીની ખલનાયિકાની ભૂમિકાઓથી બોલીવુડમાં પોતાનું સ્થાન ચોક્કસ બનાવ્યું. 'મોના ડાર્લિંગ' તરીકે એટલી લોકપ્રિયતા મળી કે હીરોઇનોથી ય વધારે મહત્ત્વ મળ્યું**

'દો રાસ્તે' સફળ થઇ અને પછી કટી પતંગ, મેમસાબ, અમરપ્રેમ જેવી ફિલ્મોથી બિંદુને સ્ટારડમ મળી ગયું.બિંદુની પ્રેમ ચોપડા સાથેની જોડી બહુ લોકપ્રિય બની હતી. દિલીપકુમારની 'દાસ્તાન' માં બંને પર રોમેન્ટિક ગીત 'હાય મૈં કિ કરા' ફિલ્માવવામાં આવ્યું હતું. તેમની જોડીની લોકપ્રિયતાને જોઇ નિર્દેશક પી.સંતોષીએ બિંદુને હીરોઈન અને પ્રેમ ચોપડાને હીરો તરીકે ચમકાવતી એક ફિલ્મ શરૂ કરી. પરંતુ એ બની શકી નહીં અને બિંદુને ફરી ક્યારેય હીરોઇન બનવાની તક ના મળી. બિંદુનું માનવું છે કે તેને હીરોઇન બનાવવામાં નિર્દેશકોને ઉંચાઇનો વાંધો હતો. જો કે, બિંદુને કારકિર્દીમાં વેમ્પ તરીકે એટલી સફળતા મળી કે પછી હીરોઇન ન બનવાનો વધારે અફસોસ ના રહ્યો. બોલિવૂડમાં આજે તો આઈટમ સોંગ્સ સામાન્ય છે, પરંતુ 1970ના દાયકામાં જ્યારે બિંદુ પડદા પર આવતા ત્યારે થિયેટરોમાં સિક્કા ઉછળતા હતા. આ ગીત સાથે જોડાયેલી કેટલીક એવી વાતો છે બિંદુએ આ ગીત દ્વારા એ સાબિત કર્યું કે આઈટમ ગીત માત્ર અંગપ્રદર્શન નથી, પણ એમાં એક 'પરફોર્મન્સ' હોવું જોઈએ. આ ગીતની લોકપ્રિયતા એટલી રહી છે કે વર્ષો પછી ફિલ્મ 'ક્વીન' (2014) માં પણ આ ગીતનું રીમિક્સ વર્ઝન લેવામાં આવ્યું હતું, જે ફરીથી સુપરહિટ રહ્યું.●

